નિરાધાર વૃધ્ધોને પેન્શન સહાય રૂ.૪૦૦/-થી
વધારીને રૂ.૫૦૦/- કરવાની નવી બાબતને
વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૬/૭૦૦૮૭૭/નબા/છ,
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૦૧/૦૪/૨૦૧૭.**

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૩/૮૦૪૮૦૫/નબા-૬/છ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૧/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/નબા/૨૦૧૬-૧૭/૪૧૧ તથા તા.૦૬/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/૨૦૧૬-૧૭/૮૪.

પ્રસ્તાવના:-

રાજ્ય સરકાર દ્વારા નિરાધાર વૃધ્ધ સહાય યોજના તા.૧/૪/૧૯૭૮થી અમલમાં છે. જેમાં વખતો વખત સહાયમાં વધારો કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક:(૧)ના તા.૩૧.૦૭.૨૦૧૪ના ઠરાવથી ૬૦ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃધ્ધોને પેન્શન સહાય રૂ.૪૦૦/- આપવામાં આવે છે.

હાલની મોંઘવારીમાં અને નાણાંના મૂલ્યને ધ્યાનમાં રાખી અત્યારે જે રૂ.૪૦૦/- સહાય આપવામાં આવે છે. તેમાં વધારો કરવો જરૂરી હોઇ, સરકારશ્રી દ્વારા આ બાબતે રૂ.૧૦૦/-નો વધારો કરી રૂ.૫૦૦/- ચૂકવવા અન્વયે થતો ખર્ચ કરવા માટેની વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ.૯૬૦/- લાખની જોગવાઇ કરેલ છે.

તદઅન્વયે આ જોગવાઇને અધીન નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૨)ના પત્રથી રાજ્ય સરકારની આ નિરાધાર વૃધ્ધોને પેન્શન સહાય યોજના અન્વયે સહાયની રકમ રૂ.૪૦૦/-થી વધારીને રૂ.૫૦૦/- કરવા માટે રૂ.૯૬૦/- લાખની નવી બાબત વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સમાવેશ કરવા રજૂ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

**પુખ્ત વિચારણાને** અંતે **રાજ્ય સરકારની નિરાધાર** વૃધ્ધોને પેન્શન સહાય યોજના અન્વયે **સહાયની** રકમ રૂ.૪૦૦/-થી વધારીને રૂ.૫૦૦/- (રૂપિયા પાંચસો પૂરા) કરવામાં આવે છે. આ માટે રૂ.૯૬૦/- લાખનો **ખર્ચ કરવાનો નીચે મુજબની શરતોને** અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

અગાઉના નિયત **થયેલ** બજેટ સદર હેઠળ ખર્ચ કરવાનો રહેશે.

**શરતોઃ-**

(૧) આ મંજૂરી **અન્વયે** કરવાનો **થતો** ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા **વખતો-વખત** ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને **અધીન** ચાલુ **તથા જરૂરિયાત** પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના **સ્થાયી તેમજ** વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં **આવેલ શરતોનું** ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન **યોજનાના** નોર્મ્સ **અને સહાયની રકમમાં** જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના **આદેશો મેળવી લેવાના રહેશે.**

આ હુકમો આ **વિભાગની** સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.30/03/૨૦૧૭ની **નોંધથી** મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય , ગાંધીનગર
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ. (મારફતે :- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર)
- સર્વે મામલતદારશ્રીઓ (મારફતે: નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ. વેબસાઇટમાં છ-શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવા સારૂ.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ.